

# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૪૯ એપ્રિલ - ૨૦૨૨ પત્ર - ૧૦૪

## ‘શત્રુ પર વિજય’ પ્રકટીકરણ ૫:૫

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ઈશ્વરજ્ઞાની યોહાનને થયેલ પ્રક્ટીકરણમાં ૫ મા અધ્યાય અને ૫ મા વચનમાં પ્રભુ ઈસુને સિંહ તરીકે દર્શાવેલ છે. સિંહ શક્તિશાળી અને વિજયી હોય છે. પ્રભુ ઈસુ પણ વધસ્તંભ પર પોતાનું બલિદાન આપી અને વિજયી થયેલ છે જે શક્તિમાન અને પરાક્રમી છે. જેમણે શેતાન શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરેલ છે. પ્રક્ટીકરણ ૫:૫

રાજ્યાસન પર બેઠેલાના હાથમાં મુદ્રિત કરેલ ઓળિયુ તોડવાને કોઈ સમર્થ હતું નહિ ત્યારે યોહાન ખૂબ રડે છે. ત્યારે વડીલોમાંથી એકે કહ્યું કે યહુદાના કુળમાંનો સિંહ ઓળિયું તોડવાને વિજયી થયેલ છે. પ્રક્ટીકરણ ૫:૧-૫. પ્રભુ ઈસુએ પાપ અને પાપની સત્તા ઉપર વિજય પ્રાપ્ર કરેલ છે.

૧ યોહાન ૩:૫ વચન પ્રમાણે પ્રભુ ઈસુ પાપનું હરણ કરવાને પ્રગટ થયા. યોહાન ૧:૨૯ વચન જણાવે છે કે દેવનું હલવાન જગતના પાપ હરણ કરે છે. પ્રથમ આદમથી જન્મેલ સર્વ પાપમાં જન્મેલ છે. રોમન ૩:૨૩ જણાવે છે કે સઘળાએ પાપ કર્યું છે અને સઘળા દેવના મહિમા વિષે અધૂરા છે. રોમન ૬:૨૩ જણાવે છે તે પ્રમાણે પાપનો મૂસારો મરણ છે. પ્રભુ ઈસુ જગતમાં પાપ હરણ કરી અને મરણ ઉપર વિજય મેળવે છે. પ્રભુ ઈસુએ હલવાન તરીકે સર્વના પાપના પ્રાયશ્ચિત તરીકે વધસ્તંભ ઉપર પોતાનું રક્ત વહેવડાવ્યું. કારણ કે લેવીય ૧૭:૧૧ જણાવે છે તે પ્રમાણે રક્તથી જ પ્રાયશ્ચિત થાય છે.

હિબ્રુ ૯:૨૮ જણાવે છે કે ખ્રિસ્તે ઘણાના પાપ માથે લેવા સારુ એક જ વાર બલિદાન આપ્યું. એફેસી ૧:૭ પ્રમાણે એનામાં એના લોહી દ્વારા તેની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપોની માફી મળી છે. રોમન ૬:૨૩ વચન પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે.

આમ, પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપર પોતાના બલિદાન દ્વારા પાપ અને મરણ ઉપર વિજય મેળવ્યો છે. આપણે વિજયી પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવાનો છે. શેતાનને વધસ્તંભ પર હરાવ્યો છે. આપણા જીવનમાં શેતાનને કોઈ અધિકાર નથી. યાકુબ ૪:૭ જણાવે છે કે તમે દેવને આધિન થાઓ પણ શેતાનની સામે થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે.

વ્હાલાઓ પ્રભુ ઈસુ દ્વારા આપણને પાપ, શેતાન અને મરણથી છોડાવવામાં આવ્યા છે અને તે પ્રભુ આપણને વિજય તરફ દોરી જાય છે. ૧ કરિંથી ૧૫:૫૭ પ્રમાણે પણ દેવ જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને જય આપે છે, તેને ધન્યવાદ છે.




**પાળક રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી તથા કુટુંબ તરફથી સર્વને**

**Happy Good Friday & Happy Easter**


## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૨-૩-૨૨ સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં લેન્ટની ૪૦ દિવસની મિટીંગની શરૂઆત કરતાં રાખના બુધવારની મિટીંગ ચલાવવામાં આવી. શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન તરફથી ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો.
- તા. ૪-૩-૨૨ લેન્ટ અને વિશ્વ પ્રાર્થનાદિન નિમિત્તે રાત્રે ૮-૦૦ કલાકે ચર્ચમાં મિટીંગ ચલાવવામાં આવી. સંચાલન સ્થાનિક મહિલા મંડળે કર્યું. શ્રીમતી કમળાબહેન કે. સોલંકીએ લિડીંગ કર્યું અને શ્રીમતી શશીબેન એસ. પરમારે વચનની સેવા આપી. સર્વ બહેનોએ વચન અને પ્રાર્થનામાં દોર્યા.
  મહિલા મંડળ તરફથી સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી. આભાર.
- તા. ૬-૩-૨૨ રવિવારની ભજનસેવા ચલાવી. હેબ્રોન મેથોડિસ્ટ ચર્ચ, હાટકેશ્વર, અમદાવાદના પાળક રેવ. જસ્ટીન ક્રિશ્ચિયન સાહેબે વચન આપ્યું. પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
  હેબ્રોન ચર્ચ પ્રોજેક્ટની અપીલ કરતાં સર્વ તરફથી ખૂબ જ ઉદારતાથી દાન આપવામાં આવ્યું.
  ભજનસેવામાં સ્થાનિક ચર્ચના ધો.૧૦ના અને ધો. ૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનોને પેડ-પેન-પાઉચ આપી પ્રાર્થના સાથે શુભેચ્છા આપવામાં આવી.
  આ ભજનસેવામાં ચર્ચ સભ્ય શ્રી એમ્બ્રોઝ પેટ્રીકના કુટુંબમાં દિકરા એશરોનનું દાન મળતાં કુટુંબ તરફથી સર્વનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. આભાર.
- તા. ૭-૩-૨૨ શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે ઈડન ગાર્ડનમાં લેન્ટની મિટીંગ રાખવામાં આવી. કુટુંબ તરફથી સર્વ માટે ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો હતો. આભાર.
- તા. ૧૩-૩-૨૨ રવિવારની ભજનસેવા ચલાવી. જેમાં અમરેલી-મીઠાપુરના સેવક શ્રી જીતેન્દ્રભાઈ રાઠોડે હાજર રહી સુંદર સાક્ષી આપી. મીઠાપુર પ્રિચીંગ સેન્ટરમાં ગાયન ટોળીના સાધનો અને બાઈબલની જરૂરિયાત હોવાથી સ્થાનિક ચર્ચના સભ્ય પરિવાર શ્રી પ્રશાંતભાઈ ક્રિશ્ચિયન / શ્રીમતી નિમિષાબેન ક્રિશ્ચિયન કુટુંબ તરફથી ગાયન ટોળી સાધનો માટે રૂ. ૧૦,૦૦૦/- આપવામાં આવ્યા. તથા સ્થાનિક ચર્ચ સભ્ય શ્રી કેનેથભાઈ ટેલર તરફથી ભજનસંગ્રહ સાથેના કુલ ૧૦ નંગ બાઈબલ આપવામાં આવ્યા. સર્વનો આભાર.
- પાસ્ટોરેટ કમિટી મળી.
- સાંજે શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટીના ઘરે શાહીબાગમાં લેન્ટની મિટીંગ રાખવામાં આવી. સર્વ માટે ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો. આભાર.
- તા. ૧૫-૩-૨૨ લેન્ટની ચર્ચમાં મિટીંગ મળી જેમાં શ્રી રાજુભાઈ પેટ્રીક તરફથી ફ્રૂટ ડીશ આપવામાં આવી. આભાર.
- તા. ૧૮-૩-૨૨ ચર્ચમાં લેન્ટની મિટીંગમાં શ્રી કમલેશભાઈ ક્રિશ્ચિયને ડિસ્ટ્રીક્ટ લે-લીડરે વચનની સેવા આપી. સ્થાનિક પાળકે મેથોડિસ્ટ ચર્ચ રાયખડમાં વચનની સેવા આપી.
- તા. ૨૦-૩-૨૨ રવિવારની ભજનસેવામાં સ્થાનિક મહિલા મંડળ દ્વારા 'મહિલા દિન'ની ઉજવણી કરવામાં આવી. શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયાએ લીડીંગ કર્યું. નડિયાદ ડિસ્ટ્રીક્ટ ઈવેન્જલીસ્ટ શ્રીમતી ઉષાબેન ઈ. કાન્તે પ્રભુનું વચન આપ્યું. સર્વ બહેનો ભજનસેવામાં ભાગીદાર બન્યા. સર્વનો આભાર.
- સાંજે ૮-૦૦ કલાકે શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા અને શ્રી ગૌરવકુમાર અરોરાના ઘરે હેવન આર્ચીલ્ડ, એપલવુડ, બોપલમાં મિટીંગ રાખવામાં આવી. જેમાં કુટુંબ તરફથી સર્વ માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૨૩-૩-૨૨ લેન્ટની ની મિટીંગ ચર્ચમાં રાખવામાં આવી હતી. જેમાં જૉય અરવિંદ ક્રિશ્ચિયનના જન્મ દિવસ નિમિત્તે સર્વ માટે કેક અને આઈસ્ક્રીમ આપવામાં આવ્યા હતા.
- તા. ૨૪-૩-૨૨ શ્રીમતી સત્યવતીબેન વી. દાસના જન્મ દિવસ નિમિત્તે તેમના તરફથી ચર્ચમાં લેન્ટની મિટીંગ રાખવામાં આવી હતી. સર્વ માટે નાસ્તો-ઠંડા પીણા આપવામાં આવ્યા હતા. આભાર.
- તા. ૨૬-૩-૨૨ શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહિલના ઘરે શાહીબાગમાં લેન્ટની મિટીંગ રાખવામાં આવી હતી. સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૨૭-૩-૨૨ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી.
  ભજનસેવા બાદ શ્રીમતી કાલ્પનાબેન વી. ક્રિસ્ટી, શ્રીમતી મેરેલીનબેન એન. ચૌહાણ અને શ્રીમતી ટ્વીંકલબેનના જન્મદિવસ નિમિત્તે સર્વને આઈસક્રીમ આપવામાં આવી. આભાર.
  ભજનસેવા બાદ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની સન્ડે સ્કૂલ યુનિયનની મિટીંગ શાહપુર ચર્ચમાં રાખવામાં આવી હતી. ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબે વચન આપ્યું.

સ્થાનિક ચર્ચ, પાસ્ટોરેટ કમિટી તરફથી ભોજનની વ્યવસ્થા આપવામાં આવી હતી. ખૂબ આભાર.

- સાંજે શ્રી લીનીયસભાઈ એલ. પેલમોરના ઘરે સરસ્વતીનગર - આંબાવાડીમાં લેન્ટની મિટીંગ રાખવામાં આવી હતી. કુટુંબ તરફથી નાસ્તો - ઠંડાપીણા આપવામાં આવ્યા હતા. આભાર.
- તા. ૨૮-૩-૨૨ સાંજે ચર્ચમાં લેન્ટની મિટીંગ રાખવામાં આવી. કુ. લીનાબેન બોરકર અને શ્રીમતી જેનીફર બોરકર (દુબઈ) તરફથી આ મિટીંગ રાખવામાં આવી હતી અને તેઓ તરફથી સર્વને આઈસ્ક્રીમ આપવામાં આવી હતી.
- તા. ૨૯-૩-૨૨ ચર્ચમાં લેન્ટ મિટીંગ શ્રીમતી ઉર્વીબેન જે. દાસ તરફથી રાખવામાં આવી હતી અને તેઓ તરફથી સર્વને આઈસ્ક્રીમ આપવામાં આવી હતી.
- તા. ૨૯-૩-૨૨ સ્વ. ફેઈથ બાઉમનની સ્મરણ સભા ગોધરામાં હાજરી આપી.





**પણ તે તેઓને કહે છે કે, અચરત ન થાઓ; વધસ્તંભે જડાયેલા ઈસુ નાઝારીને તમે શોધો છો; તે ઊઠ્યો છે; તે અહીં નથી; જુઓ જે જગાએ તેને મૂક્યો હતો તે આ છે.** માર્ક; ૧૬:૬

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રાજ એસ. શાહ | આ.સ્તુ. | ૨૦૦૦-૦૦ |
| ૨. | શ્રી જશવંતભાઈ ગોહિલ | મિશનેરી | ૨૦૦૦-૦૦ |
| ૩. | અનામી - પ્રભુ પ્રેમી દાતા | આ.સ્તુ. | ૨૫૦૦-૦૦ |
| ૪. | શ્રીમતી શીલાબેન એમ. પટેલ | એ. ફંડ | ૨૫૦-૦૦ |
| ૫. | શ્રીમમતી શીલાબેન એમ. પટેલ. | પુ. ફંડ | ૨૫૦-૦૦ |
| ૬. | શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન | ક્વાયર | ૧૦૦૦-૦૦ |
| ૭. | શ્રી આલાપભાઈ જે. માસ્ટર | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૮. | શ્રી આલાપભાઈ જે. માસ્ટર | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| ૯. | શ્રીમતી રીટાબેન જે. કીન<br>૭૫ વર્ષ પૂર્ણ થવા બદલ | બર્થડે | ૨૫૦૦-૦૦ |
| ૧૦. | શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા | એ. ફંડ | ૪૦૦-૦૦ |
| ૧૧. | શ્રીમતી રીનાબેન જે. દાસ | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૧૨. | શ્રી નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન<br>પરદેશથી સલામત પરત આવવા બદલ | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| ૧૩. | શ્રી કાંતિલાલ બી. સોલંકી | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૪. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | લે.મિટીંગ | ૧૦૦૦-૦૦ |
| ૧૫. | શ્રી મનોજભાઈ સી. ચૌહાણ | લે. મિટીંગ | ૨૦૦-૦૦ |
| ૧૬. | શ્રીમતી શર્મિલાબેન એસ. અર્લિક | લે. મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૧૭. | શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા | લે. મિટીંગ | ૧૫૦૦-૦૦ |
| ૧૮. | જૉય એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૯. | શ્રીમતી સત્યવતીબેન વી. દાસ | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૨૦. | શ્રીમતી ટ્વીંકલબેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૨૧. | શ્રીમતી મેરેલીનબેન એમ. ચૌહાણ | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૨૨. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહિલ | લે. મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૨૩. | શ્રી પ્રશાંતભાઈ કે. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| | શ્રી પ્રશાંતભાઈ કે. ક્રિશ્ચિયન | પુ. ફંડ | ૫૦૦-૦૦ |
| ૨૪. | કુ. ડૉ. જીની જે. મેકવાન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૨૫. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૨૬. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| ૨૭. | શ્રી દેવદાસભાઈ બી. ક્રિશ્ચિયનના<br>સ્મરણાર્થે શ્રીમતી ઈલાક્ષીબેન ક્રિશ્ચિયન તરફથી | | ૧૦૧૦-૦૦ |
| ૨૮. | શ્રીમતી ઉર્વીબેન જે. દાસ | લે. મિટીંગ | ૧૦૦-૦૦ |

## BIRTHDATES IN APRIL

| તારીખ | નામ |
|---|---|
| ૧/૪ | લીલાબેન જોસફભાઈ ક્રિશ્ચિયન |
| ૩/૪ | સામી આલ્ફ્રેડ ગામડીઆ |
| ૬/૪ | સુધાબેન એચ. કુંજરાવીયા(USA) |
| ૭/૪ | રોઝમેરી આર્નોન પેલમોર |
| ૭/૪ | શીલાબેન એમ. પટેલ |
| ૯/૪ | શાલીન શૈલેષભાઈ માસ્ટર |
| ૧૨/૪ | સોલોમનભાઈ ટી. રૂબી |
| ૧૬/૪ | રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન |
| ૧૬/૪ | સેલીના એફ. ગોહિલ |
| ૧૬/૪ | સેનીટા પી. ક્રિશ્ચિયન |




| તારીખ | નામ |
|---|---|
| ૧૬/૪ | લક્ષ્મીબહેન ફ્રેડ્રીકભાઈ રાઠોડ |
| ૧૯/૪ | હર્ષદરાય એ. કુંજરાવીયા (USA) |
| ૨૦/૪ | ડેઝીલ ડિક્સન હેરી |
| ૨૪/૪ | ખ્રિસ્તી ઈવેન્જલીના ઈમાનુએલ |
| ૨૫/૪ | સલોની નિરવ મહીડા |
| ૨૫/૪ | પારૂલ ઓનિલ ગામડીઆ |
| ૨૬/૪ | નિયંતા કેનેથ ક્રિશ્ચિયન (USA) |
| ૨૭/૪ | કોમલ પ્રકાશ ખ્રિસ્તી |
| ૨૮/૪ | પ્રીમા શરદભાઈ માસ્ટર |
| ૩૦/૪ | રશ્મીકાંત ફિલિપભાઈ મહિડા |








### નાણાંકીય અહેવાલ ફેબ્રુઆરી-૨૦૨૨

| | | |
|---|---|---|
| તા.૦૧-૨-૨૨ નીઉઘડતી | સિલક | |
| | રોકડ | ૯૮,૧૫૭-૮૮ |
| | બેંકમાં | ૧૦,૨૦,૩૨૮-૧૪ |
| ફેબ્રુ. ૨૦૨૨ ની | આવક | ૨,૧૫,૭૪૭-૦૦ |
| | કુલ | ૧૩,૩૪,૨૩૩-૦૨ |
| તા.૨૮-૨-૨૨નીબંધસિલક | | |
| | રોકડ | ૯૬,૪૮૪-૮૮ |
| | બેંક | ૪,૯૩,૧૪૩-૧૪ |
| ફેબ્રુઆરી-૨૨ ની | જાવક | ૭,૪૪,૬૦૫-૦૨ |
| | કુલ | ૧૩,૩૪,૨૩૩.૦૨ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

### જાહેરાત

- તહેવાર નિમિત્તે પામ સન્ડે, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરની ભજનસેવા સ્થાનિક ચર્ચમાં સવારે ૯-૦૦ કલાકે થશે. હાજરી આપશો.
- લેન્ટની ૪૦ દિવસોની બાકી મિટીંગોમાં હાજરી આપશો. લેન્ટનું દાન આપશો.
- નાણાંકીય વર્ષ ૧લી એપ્રિલ ૨૦૨૨થી આપનાં દાનોમાં પ્રાર્થના સહ વધારો કરશો. આ સાથે અન્ય ફંડ માટેના દાનો આપવાનું ચાલુ રાખશો.
- દર રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે પ્રાર્થના અને વિશ્વાસ સાથે અવશ્ય હાજરી આપો.